PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/કવા–૦૧/૧૮–૧૯/ 3390 (10) તા. 02-05-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હરદાસભાઈ મારખીભાઈ માડમ,
ગામ: જામ – દેવળીયા
તા.કલ્યાણપુર
જી:દેવભુમી દ્રારકા

**વિષય :–સૌરઉર્જા ની ડિપોઝીટ મુજબ જોડાણ મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૪–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૯/કવા–૦૧/૧૮–૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૦૯/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૪–૦૪–૧૮ | સ્થળ : જામનગર |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: હરદાસભાઈ મારખીભાઈ માડમ, ગામ: દેવળીયા

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)

## : હુકમ :

**ફરીયાદ : સૌરઉર્જા ની ડિપોઝીટ મુજબ જોડાણ મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામ: જામ દેવળીયા ખાતે આવેલ ખેતીવાડી ની જમીન માં – નવા ખેતીવાડી મેળવવા માટે ની અરજી ના અનુસંધાને રૂ.૨૦૦/- તા.૦૭–૦૭–૧૬ ના રોજ થી ભરપાઈ કરી નોંધણી કરાવેલ છે. ત્યારબાદ,સૌર – ઉર્જા પમ્પ સેટ મેળવવા માટે – યોજના અંતર્ગત અરજી ની નોંધણી **કરાવેલ – જે અન્વયે** – ભાવપત્રક મળતા – તેઓએ રૂ.૨૪,૦૦૦/– તા..૨૮–૦૮–૧૭ ના રોજ થી ભરપાઈ કરેલ હતા. આમ, તેઓને સમયસર – સૌર – ઉર્જા મુજબ નુ વીજ જોડાણ મળેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, હરદાસભાઈ મારખીભાઈ માડમ દ્વારા તેઓની ગામ: દેવળીયા ખાતે આવેલ ખેતીવાડી ની જમીન માં નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે રૂ.૨૦૦/– તા.૦૭–૦૭–૧૬ ના રોજ થી ભરપાઈ કરી આપેલ છે. જે અન્વયે – તા.૦૭–૦૭–૧૬ ના રોજ સૌર – ઉર્જા પમ્પ સેટ મેળવવા માટે જરૂરી ડિપોઝીટ ની રકમ રૂ.૧,૦૦૦/– ભરપાઈ કરી અરજી કરાતા નિયત ભાવપત્રક ની રકમ – રૂ.૨૪,૦૦૦/– તા.૨૮–૦૮–૧૭ ના રોજ થી ભરપાઈ કરેલ છે.<br>• (૨) સદર ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ કક્ષાએથી મેન્યુઅલી સ્વીકારેલ હોય – જેની જાણકારી વિભાગીય કચેરી ને કરાયેલ ન હોવાથી – સદર અરજદાર નુ કામ નિયત કરાયેલ એજન્સી ને સોપાયેલ ન હતુ. જેથી – સદર અરજદાર નુ સોલાર એજી પમ્પસેટ નુ કામ બાકી રહેલ. આમ, સદર ક્ષતિ અન્વયે – જે તે સમય ના નાયબ ઈજનેર નો ખુલાસો ખાનગી પત્ર તા.૧૪–૦૩–૧૮ થી માંગવામા આવેલ છે.<br>• (૩) જેથી, અરજદાર ને સોલાર એજી પમ્પસેટ લગાડવા માટે ની એજન્સી ની નિમણુંક ત્વરીતે કરવા માટે – વિભાગીય કચેરી દ્વારા વર્તુળ કચેરી ને પત્ર તા.૨૧–૦૪–૧૮ થી વિનંતી કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

**૩.૧**

- (૧) જીયુવીએનએલ ના પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એકેએફ/સોલાર/૧૦૦૯ તા.૩૦–૦૫–૧૬ મુજબ – સૌર ઉર્જા સંચાલીત સિંચાઈ પમ્પ સેટ યોજના વર્ષ – ૨૦૧૬ –૧૭ હેઠળ – જે ખેડુતો નવી તથા અગાઉ નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ, આદિજાતી તેમજ ડાર્કઝોન વિસ્તાર હેઠળ – ખેતીવાડી હેતુ ના વીજ જોડાણો ની સામાન્ય ક્રમ ની અરજી ને – તબ્દીલ કરવા ઈચ્છતા હોય – તેઓની અરજીઓ સબંધક વીજ કંપની ની સ્થાનીક કચેરીએ તા.૩૧–૦૫–૧૬ થી તા.૩૧–૦૭–૧૬ સુધી સ્વીકારવામા આવશે.
- (૨) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવા માટે ની અરજી તા.૦૭–૦૭–૧૬ અન્વયે અરજદાર દ્વારા ભાવપત્રક ભરપાઈ કરેલ– પરંતુ, અરજદાર ની ફરીયાદ મુજબ કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય – જે બાબતે પીજીવીસીએલ કક્ષાએથી – અરજદાર ને લેખીત મા કોઈ હકીકત થી વાકેફ કરાયેલ હોય – તેવી લેખીત રજુઆત કરેલ હોય – તેમ જણાતુ નથી.
- (૩) ઉપરોક્ત પેરા નં.– (૧) મા વર્ણવ્યા મુજબ ની વિગતો અંતર્ગત – અરજદાર ની અરજી તા.૦૭–૦૭–૧૬ સોલાર યોજના અંતર્ગત – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ઉપર મુજબ સમાવિષ્ટ છે. વધુમા – સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મુજબ – સદર અરજદાર પછીના– સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ૧૨૮ મા નંબરે રહેલા અશોકગર લાલગર – ગામ : ચાચલાણા નુ ૦૫ હોપા ના ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવા માટે ભાવપત્રક તા.૨૯–૦૫–૧૭ ના રોજ થી અપાયેલ છે, જે ભરપાઈ થતા તેઓની કામગીરી પૂર્ણ કરાયેલ છે, તેમ નોંધાયેલ છે. આમ, સદર ફરીયાદી અરજદાર ની અરજી પ્રત્યે અગ્રતાક્રમ મુજબ – સોલાર પમ્પસેટ આપવા માટે ની કાર્યવાહી / અરજદાર ને ભાવપત્રક આપવાની કાર્યવાહી કરાયેલ નથી, જે ખૂબજ ગંભીર બાબત હોય – જેથી, કસુરવાર અધિકારી સામે – કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા સુચીત કરવામા આવે છે. તેમજ – અરજદાર ની સદર અરજી સોલાર યોજના અંતર્ગત કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય જે નિયમાધીન પીજીવીસીએલ દ્વારા વિચારણા હેઠળ લેવાની રહેશે, અને માંગણી મુજબ નુ વીજ જોડાણ સત્વરે આપવાની નિયમાધીન કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી કરવાની રહેશે.

**૩.૨**

- ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ કક્ષાએથી એજન્સી ની નિમણુક કયારે થશે અને અરજદાર ની માંગણી મુજબ નુ જોડાણ આપવાની કાર્યવાહી કયારે પૂર્ણ કરવામા આવશે – તે બાબત ની ચોકકસ જાણકારી અરજદાર પક્ષકાર ને દિન–૧૦ માં અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ આપવા સબબ નો, અને અરજદાર ની માંગણી મુજબ નુ વીજ જોડાણ સત્વરે આપવાની નિયમાધીન યોગ્ય ઘટતી કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી કરવાની રહેશે. તેમ પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :**

**હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની માંગણી મુજબ ની અરજી સોલાર એજી પમ્પસેટ સ્થાપિત કરવા માટે ની કાર્યવાહી કયારે પૂર્ણ કરવામા આવશે – તે બાબત ની ચોકકસ વિગતવાર જાણકારી અરજદાર પક્ષકાર ને દિન–૧૦ મા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ આપવાનો, તેમજ, અરજદાર ની માંગણી મુજબ નુ સોલાર એજી પમ્પસેટ ના વીજ સ્થાપન ની કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન યોગ્ય ઘટતી કાર્યવાહી સત્વરે કરવા – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**